## ઓસ્કાર એવોર્ડ સમારોહ આજે, 16 નોમિનેશન સાથે સિનર્સનો નવો રેકોર્ડ



**બીજીવાર** ઓસ્કાર પ્રેઝન્ટર બનનારી પ્રિયંકા ચોપરા પહેલી ભારતીય, સિનર્સ 11 એવોર્ડ જીતશે તો ખાસ લિસ્ટમાં સામેલ થશે

લોસ એન્જલસ, તા. 15 : 98મો એકેડેમી એવોર્ડ સમારોહ આવતીકાલે સોમવારે 16મી માર્ચે અહીંના ડોલ્બી થિયેટરમાં યોજાશે. તેનું પ્રસારણ ભારતીય સમય મુજબ સવારે 4.30 વાગ્યે શરૂ થશે. આ વર્ષે કોઈ પણ ભારતીય ફિલ્મને ઓસ્કાર નોમિનેશન મળ્યું નથી, જોકે ભારતીય મૂળના ફિલ્મ નિર્માતા ગીતા ગંબીરની બે દસ્તાવેજી ફિલ્મો 'ધ પરફેક્ટ નેબર' માટે બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મ અને બીજું 'ધ ડેવિલ ઇઝ બિઝી' માટે બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ કેટેગરીમાં ઓસ્કાર નોમિનેશન મળ્યા છે. પ્રિયંકા ચોપરા 2016 પછી ફરીથી ઓસ્કાર પ્રેઝન્ટ કરશે. તે બે વાર આ એવોર્ડ પ્રેઝન્ટર બનનારી એકમાત્ર ભારતીય બનશે. આ વર્ષે, હોલીવુડ ફિલ્મ "ધ સિનર" એ 16 ઓસ્કાર નોમિનેશન મેળવીને રેકોર્ડ બનાવ્યો. અગાઉ, આ રેકોર્ડ ઓલ અબાઉટ ઇવ (૧૯૫૦), ટાઇટેનિક (૧૯૯૭) અને લા લા લેન્ડ (૨૦૧૬) ના નામે હતો, જેને કુલ ૧૪ નોમિનેશન મળ્યા હતા. જો તે 11 થી વધુ ઓસ્કાર એવોર્ડ જીતશે તો તે વિશ્વમાં સૌથી વધુ ઓસ્કાર જીતનારી ફિલ્મ બનશે. હાલમાં, આ રેકોર્ડ 1997 ની "ટાઇટેનિક", 2003 ની "લોર્ડ ઓફ ધ રિંગ્સ" અને 1995 ની "બેન-હર" ના નામે છે.

## હની સિંઘના કોન્સર્ટમાં મચી અફરાતફરી, સ્ટાફ અને લોકો વચ્ચે મારામારી



નવી દિલ્હી, તા. 15 : સિંગર અને રેપર યો યો હની સિંહે શનિવાર, 14 માર્ચના રોજ ઈન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં તેમના 'માય ચેપ્ટર - ઇન્ડિયા ટૂર'ની શરૂઆત કરી હતી. કોન્સર્ટના ઘણા વીડિયોમાં તેમનું જબરદસ્ત પર્ફોર્મન્સ જોવા મળી રહ્યું છે, જોકે, અહેવાલો અનુસાર, કોન્સર્ટમાં તે સમયે અફરાતફરી મચી ગઈ જ્યારે ફેન્સ અને શોના સ્પોન્સર ટીમના સભ્યો વચ્ચે કથિત રીતે એક મોટી અથડામણ થઈ. એક ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરવામાં આવેલા વાયરલ વીડિયોમાં હની સિંહના કોન્સર્ટ દરમિયાન સ્પોન્સરના સભ્યો અને કેટલાક લોકો વચ્ચે હિંસક અથડામણ જોવા મળી રહી છે, જેમાં બંને પક્ષો એકબીજાને આક્રમક રીતે મારતાં નજરે પડે છે. ભીડમાં અફરાતફરી મચી હોવા છતાં સિંગરે કથિત રીતે આ લડાઈથી અજાણ રહીને પોતાનું પર્ફોર્મન્સ ચાલુ રાખ્યું હતું.

## ડેવિડ ધવને ગોવિંદાનાં વખાણ કરતાં કહ્યું : તે મોડો આવે છે પણ પોતાનું કામ કરીને જાય છે

મુંબઈ, તા. 15 : 'ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો'ની ચોથી સીઝનનો ગ્રાન્ડ ફિનાલે 14 માર્ચે હતો. આ એપિસોડમાં ડેવિડ ધવન અને પુત્ર વરુણ ધવન મહેમાન તરીકે આવ્યા હતા. આખો એપિસોડ ખૂબ જ મજેદાર રહ્યો. પિતા-પુત્રએ એકબીજાના અંગત જીવનના કિસ્સાઓ તો સંભળાવ્યા જ, સાથે ફિલ્મોના શૂટિંગના કિસ્સાઓ પણ સંભળાવ્યા, જે સાંભળીને બધા હસી



પડ્યા.

આ દરમિયાન ડેવિડ ધવને ગોવિંદા વિશે વાત કરી અને તેના મોડા આવવાના કિસ્સાઓ પર અભિનેતાનો બચાવ કર્યો.



સ્પેનના વેલેન્સિયામાં એક કેફેમાં લોકો ભોજનનો આનંદ માણી રહ્યા છે અને પૃષ્ઠભૂમિમાં એક 'ફાયા' જોવા મળે છે. અહીં બે અઠવાડિયા સુધી ચાલતા આ ઉત્સવની વિશેષતા કાગળના માવા, પૂંઠા અને લાકડામાંથી બનેલી આવી વિશાળ મૂર્તિઓ છે, જે કાલ્પનિક કે વાસ્તવિક લોકો અને પરિસ્થિતિઓને દર્શાવે છે. આ શિલ્પોથી શહેરની શેરીઓને શણગારવામાં આવે છે અને પરંપરાગત રીતે 19 માર્ચના રોજ તેને અગ્નિદાહ આપવામાં આવે છે. લેસ ફાયાસ એ માત્ર સ્પેનનો જ નહીં, પણ સમગ્ર વિશ્વના સૌથી અનોખા અને જીવંત ઉત્સવોમાંનો એક છે. તેને યુનેસ્કો દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે પણ માન્યતા આપવામાં આવી છે.

# પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે શ્રીલંકામાં QR કોડ ઈંધણ રેશનિંગ સિસ્ટમ લાગુ

**શ્રીલંકામાં** કાર માટે અઠવાડિયે 15 લીટર જ્યારે બસ માટે 60 લિટર ઈંધણની મર્યાદા લાગુ કરાઇ

કોલંબો, તા. ૧૫ (PTI): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊભી થઈ શકે તેવી કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રીલંકાએ રવિવારે ક્યુઆર કોડ દ્વારા ઈંધણ રેશનિંગ સિસ્ટમ અમલમાં મૂકી છે. ઊર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે, કાર માટે અઠવાડિયે ૧૫ લિટર, જ્યારે બસો માટે અઠવાડિયે ૬૦ લિટર ઈંધણની મર્યાદા નક્કી કરવામાં આવી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આગામી ૪ મહિના સુધી પૂરતું ઈંધણ સતત ઉપલબ્ધ હોવા છતાં ગ્રાહકો દ્વારા કરવામાં આવતી સંગ્રહખોરીને રોકવા માટે એક ઉપાય તરીકે આ ક્યુઆર રેશનિંગ દાખલ કરવામાં આવ્યું છે.

આ રેશનિંગ ત્યારે આવ્યું છે જ્યારે સરકારે આ અઠવાડિયે જાહેરાત કરી હતી કે તે ભારત અને રશિયા પાસેથી ઈંધણ પુરવઠો મેળવવાની આશા રાખે છે. રિટેલર્સના જણાવ્યા અનુસાર, ક્યુઆર કોડના સંચાલનમાં આવતી સમસ્યાઓને કારણે ઈંધણ વિક્રેતાઓ પાસે લાંબી કતારો જોવા મળી હતી.

ગયા અઠવાડિયાની શરૂઆતમાં, ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ ફાટી નીકળ્યા પછી ફ્યુઅલ પંપ પર લાંબી કતારો જોવા મળતાં શ્રીલંકાએ સંગ્રહખોરીને રોકવા માટે ઈંધણના ભાવમાં વધારો કર્યો હતો. સરકારે લોકોને વિનંતી કરી હતી કે તેઓ ઈંધણનો વપરાશ ઘટાડવા માટે બિન-જરૂરી મુસાફરીમાં કાપ મૂકે. ૨૦૨૨ની આર્થિક કટોકટી દરમિયાન જ્યારે વિદેશી હૂંડિયામણની અછતને કારણે પુરવઠો ખોરવાયો હતો અને શિપમેન્ટ માટે ચૂકવણી કરવી મુશ્કેલ બની હતી, ત્યારે ક્યુઆર કોડ દ્વારા રેશનિંગની પદ્ધતિ આ સમસ્યાને ડામવામાં સફળ રહી હતી.

# સરકારે પદ્મ પુરસ્કારના નામાંકનો સ્વીકારવાનું શરૂ કર્યું

નવી દિલ્હી, તા. 15 (PTI): લોકોની અસાધારણ સિદ્ધિઓ અને સેવા બદલ પ્રજાસત્તાક દિવસ 2027ના રોજ જાહેર થનારા પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો સ્વીકારવાની પ્રક્રિયા રવિવારથી શરૂ થઈ છે.

સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ, 2026 છે.

પદ્મ પુરસ્કારો માટેના નામાંકન અને ભલામણો માત્ર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે.

પદ્મ પુરસ્કારો, એટલે કે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંના એક છે. આ પુરસ્કારોની સ્થાપના 1954માં થઈ ત્યારથી દર વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસરે 'વિશિષ્ટ કાર્ય'ને માન્યતા આપવા માટે આ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે.

સરકારે જણાવ્યું હતું કે, આ પુરસ્કારો કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, ચિકિત્સા, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, જાહેર બાબતો, નાગરિક સેવા, વેપાર અને ઉદ્યોગ વગેરે જેવા તમામ ક્ષેત્રો અને વિદ્યાશાખાઓમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ અને સેવા માટે આપવામાં આવે છે.

નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, "જાતિ, વ્યવસાય, પદ કે લિંગના ભેદભાવ વિના તમામ વ્યક્તિઓ આ પુરસ્કારો માટે પાત્ર છે. પીએસયુમાં કામ કરતા સરકારી કર્મચારીઓ, (ડોક્ટરો અને વૈજ્ઞાનિકો સિવાય) પદ્મ પુરસ્કારો માટે પાત્ર નથી."

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર પદ્મ પુરસ્કારોને 'પીપલ્સ પદ્મ' (જનતાના પદ્મ) બનાવવા માટે કટિબદ્ધ છે.

# CBIએ કરુર નાસભાગ મામલે વિજયની સાત કલાક સુધી પૂછપરછ કરી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): સીબીઆઈ દ્વારા રવિવારે અહીં તેના મુખ્ય મથકે અભિનેતા અને ટીવીકે પ્રમુખ વિજયની ગયા વર્ષે તમિલનાડુના કરુરમાં તેમની રેલી દરમિયાન થયેલી નાસભાગ અંગે સાત કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં 41 લોકોનાં મોત થયાં હતાંય. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, પૂછપરછ અને સંબંધિત ઔપચારિકતાઓ સાંજે 6 વાગ્યાની આસપાસ પૂર્ણ થયા બાદ અભિનેતા એજન્સીના મુખ્યાલયથી રવાના થયા હતા. વિજય માટે પૂછપરછનું આ ત્રીજું સત્ર હતું. જાન્યુઆરીમાં તેમની બે વાર પૂછપરછ કરવામાં આવી હતી.

વિજયને અગાઉ 9 માર્ચે સમન્સ પાઠવવામાં આવ્યા હતા. જોકે, તેમણે વિનંતી કરી હતી કે આ તારીખને 15 દિવસ માટે મોકૂફ રાખવામાં આવે.

અભિનેતાએ આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય વ્યસ્તતાઓનો હવાલો આપીને પૂછપરછ ચેન્નાઈ અથવા તમિલનાડુની કોઈપણ ઓફિસમાં કરવામાં આવે તેવી વિનંતી પણ કરી હતી.

જોકે, એજન્સી દ્વારા બંને વિનંતીઓ નકારી કાઢવામાં આવી હતી, જેણે રવિવારે અભિનેતાને અહીં તેના મુખ્ય મથકે બોલાવ્યા હતા.

# યુદ્ધ વિસ્તારવાની ઈરાનની ધમકી વચ્ચે અખાતી દેશોએ નવા મિસાઈલો, ડ્રોન્સ આંતર્યા

**ઇરાનના** વિદેશ મંત્રીએ કહ્યું કે પાડોશી દેશો સાથે તનાવ ઘટાડવા વાટાઘાટો ચાલુ, જો કે તેમાં પ્રગતિ અંગે કોઇ સ્પષ્ટતા નહીં

કાઈરો, તા. 15(AP): ઈરાને પોતાના સૈન્ય અભિયાનને વ્યાપક બનાવવાની ધમકી આપ્યા બાદ અને સંયુક્ત આરબ અમીરાત (UAE) ના ત્રણ મોટા બંદરો ખાલી કરવા માટે જણાવ્યા પછી, રવિવારે ગલ્ફના આરબ દેશોએ નવા મિસાઈલ અને ડ્રોન હુમલાની જાણકારી આપી છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલું આ યુદ્ધ હવે તેના ત્રીજા સપ્તાહમાં છે અને વધુ વિસ્તરી રહ્યું છે.

ઈઝરાયેલ અને અમેરિકાએ 28 ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ પરમાણુ અને સૈન્ય મથકો પર હુમલો કરી રહ્યા છે અને ઈરાની જનતાને તેમના નેતાઓ વિરુદ્ધ બળવો કરવા પ્રોત્સાહિત કરી રહ્યા છે. તેના જવાબમાં ઈરાને ઈઝરાયેલ અને પર્સિયન ગલ્ફના પડોશી દેશો સામે હુમલાઓ તેજ કર્યા છે. આ યુદ્ધના કારણે વૈશ્વિક હવાઈ મુસાફરી ખોરવાઈ ગઈ છે, પ્રદેશમાંથી તેલની નિકાસમાં વિક્ષેપ પડ્યો છે અને ઈંધણના ભાવમાં વધારો થયો છે. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેણે રવિવારે પણ ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા હતા. બીજી તરફ બહેરીન, સાઉદી અરેબિયા અને UAE એ તેમના રહેવાસીઓને જણાવ્યું હતું કે તેઓ આવતા પ્રોજેક્ટાઈલ્સને રોકવા માટે કામ કરી રહ્યા છે. ઈરાને અમીરાતના ત્રણ બંદરોને નિશાન બનાવવાની ધમકી આપી છે, જે પ્રથમ વખત છે જ્યારે તેણે કોઈ પડોશી દેશની બિન-અમેરિકી સંપત્તિ સામે આવી ધમકી આપી હોય. ઈરાને અગાઉ કોઈ પણ પુરાવા વિના અમેરિકા પર એવો આરોપ લગાવ્યો હતો કે તેણે શુક્રવારે 'ખર્ગ ટાપુ' પર હુમલા કરવા માટે UAE નો ઉપયોગ કર્યો હતો. UAE અને અન્ય ગલ્ફ દેશો, જે અમેરિકી સૈન્ય મથકો ધરાવે છે, તેમણે ઈરાન વિરુદ્ધ સૈન્ય કામગીરી માટે અથવા ઈરાનના મુખ્ય ઓઈલ ટર્મિનલ ગણાતા ખર્ગ ટાપુ પર હુમલા માટે તેમની જમીન કે હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

યુદ્ધ દરમિયાન ઈરાને UAE, બહેરીન, સાઉદી અરેબિયા, કતાર અને ઓમાન પર સેંકડો મિસાઈલો અને ડ્રોન છોડ્યા છે. ઈરાનનું કહેવું છે કે તે અમેરિકી સંપત્તિઓને નિશાન બનાવી રહ્યું છે, તેમ છતાં એરપોર્ટ અને તેલ ક્ષેત્રો જેવા નાગરિક સ્થળો પર હુમલાના અહેવાલો મળ્યા છે. જોકે આ દેશોની એર ડિફેન્સ સિસ્ટમે મોટાભાગના હુમલાઓને નિષ્ફળ બનાવ્યા છે, તેમ છતાં આ યુદ્ધે ગલ્ફ દેશોમાં મોટું નુકસાન પહોંચાડ્યું છે અને અર્થતંત્રને હચમચાવી દીધું છે. ઈરાનના વિદેશ મંત્રી અરાઘચીએ રવિવારે લંડન સ્થિત 'અલ-અરબી અલ-જદીદ' ને જણાવ્યું હતું કે ઈરાન એવા કોઈપણ પ્રસ્તાવ પર વિચાર કરવા તૈયાર છે જેમાં યુદ્ધનો સંપૂર્ણ અંત આવતો હોય. તેમણે એમ પણ ઉમેર્યું કે તણાવ ઘટાડવા માટે ઈરાન અને તેના પડોશી દેશો વચ્ચે મધ્યસ્થતાના પ્રયાસો ચાલુ છે, જોકે આમાં કેટલી પ્રગતિ થઈ છે તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી નથી.

### યુદ્ધનો વધતો જતો મૃત્યુઆંક

જ્યારથી યુદ્ધ શરૂ થયું છે, ત્યારથી ખાડીના દેશોમાં ઈરાની હુમલાઓએ ઓછામાં ઓછા ડઝન જેટલા નાગરિકોના જીવ લીધા છે, જેમાંથી મોટાભાગના પ્રવાસી શ્રમિકો હતા. ઈરાનમાં, ઈન્ટરનેશનલ કમિટી ફોર ધ રેડ ક્રોસે જણાવ્યું કે અત્યાર સુધીમાં 1,300 થી વધુ લોકો માર્યા ગયા છે. ન્યાયતંત્રની સત્તાવાર સમાચાર એજન્સી 'મીઝાન' ના જણાવ્યા અનુસાર, ઈરાનના આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે માર્યા ગયેલા લોકોમાં 223 મહિલાઓ અને 202 બાળકો સામેલ છે.

ઈઝરાયેલમાં, ઈરાની મિસાઈલ હુમલામાં 12 લોકો માર્યા ગયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે, જેમાં રવિવારે ઘાયલ થયેલા ત્રણ લોકોનો પણ સમાવેશ થાય છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી અમેરિકી સૈન્યના ઓછામાં ઓછા 13 સભ્યો પણ માર્યા ગયા છે; જેમાંથી છ જવાન ગયા અઠવાડિયે ઈરાકમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. બીજી તરફ, લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ત્યાં ઓછામાં ઓછા 820 લોકો માર્યા ગયા છે અને 8,50,000 લોકો વિસ્થાપિત થયા છે. લેબેનોનમાં પડેલા વરસાદે તંબુઓમાં રહેતા વિસ્થાપિતોની મુશ્કેલીઓમાં ઓર વધારો કર્યો છે.

### ઇઝરાયેલ પર ઈરાનના નવા મિસાઈલ હુમલા: ૨૩ સ્થળે નુકસાન

રવિવારે ઈરાને ઇઝરાયેલ તરફ મિસાઈલોનો મારો ચલાવ્યો હતો, જેના કારણે સાયરન વાગતા જ રહેવાસીઓ આશ્રયસ્થાનો તરફ દોડી ગયા હતા. મધ્ય ઇઝરાયેલ અને તેલ અવીવ વિસ્તારમાં અનેક મિસાઈલ ત્રાટકી હતી. ઇઝરાયેલની બચાવ સેવા દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં રસ્તા પર એક મોટો ખાડો અને એપાર્ટમેન્ટ બિલ્ડિંગને થયેલું નુકસાન જોઈ શકાય છે. તેલ અવીવ વિસ્તારમાં થયેલા હુમલાઓને કારણે રવિવારે 23 સ્થળોએ નુકસાન થયું હતું અને એક જગ્યાએ નાની આગ પણ લાગી હતી. યુદ્ધમાં એકસાથે અનેક સ્થળોએ પ્રહાર થવા તે હવે એક સામાન્ય બાબત બની ગઈ છે. ઇઝરાયેલની સેનાનું કહેવું છે કે ઈરાન હવે 'ક્લસ્ટર બોમ્બ' નો ઉપયોગ કરી રહ્યું છે, જે અમુક એર ડિફેન્સ સિસ્ટમને છેતરી શકે છે અને અલગ-અલગ સ્થળોએ વિસ્ફોટકો ફેલાવી શકે છે.

# એપ્સ્ટેઇન નેટવર્ક અમેરિકામાં 9/11 સ્ટાઈલના હુમલાનું કાવતરું ઘડે છે : ઈરાન

**આવું** કરીને ઇરાન પર દોષ ઢોળી દેવાનું ષડયંત્ર રચાઇ રહ્યું હોવાનો ઇરાનના સુરક્ષા વડા લારીજાનીનો દાવો

તહેરાન, તા. ૧૫: મધ્ય પૂર્વમાં સંઘર્ષ સતત તીવ્ર બની રહ્યો છે ત્યારે, ઈરાનના એક ટોચના સુરક્ષા અધિકારીએ દોષિત પેડોફાઈલ જેફરી એપ્સટાઈન સાથે જોડાયેલી અમેરિકાની લોબી પર એક ગંભીર અને વિસ્ફોટક આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો છે કે આ નેટવર્ક સપ્ટેમ્બર 11 (9/11) જેવો જ એક આતંકવાદી હુમલો કરવાનું કાવતરું ઘડી રહ્યું છે, જેથી તેનો ખોટો આરોપ તેહરાન પર લગાવી શકાય.

ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ અલી લારીજાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, મેં સાંભળ્યું છે કે એપ્સટાઈનના નેટવર્કના બાકી રહેલા સભ્યોએ 9/11 જેવી જ એક ઘટના સર્જવાનું અને તેનો દોષ ઈરાન પર નાખવાનું કાવતરું ઘડ્યું છે. તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ અત્યંત ઊંચા સ્તરે છે. અલી લારીજાનીએ વધુમાં ઉમેર્યું હતું કે તેહરાન આતંકવાદનો સખત વિરોધ કરે છે અને તે અમેરિકન જનતાને પોતાના દુશ્મન માનતું નથી. તેમણે કહ્યું, ઈરાન મૂળભૂત રીતે આવી આતંકવાદી યોજનાઓનો વિરોધ કરે છે અને અમને અમેરિકાના લોકો સાથે કોઈ લડાઇ નથી. વર્ષ 2001માં થયેલા સપ્ટેમ્બર 11ના હુમલા આધુનિક ઈતિહાસના સૌથી ઘાતક આતંકવાદી હુમલાઓમાંના એક હતા.

અહેવાલો મુજબ, અલ-કાયદા સાથે જોડાયેલા 19 હાઈજેકરોએ અમેરિકામાં ચાર પેસેન્જર વિમાનોનું અપહરણ કર્યું હતું, જેમાં લગભગ 3,000 લોકોએ જીવ ગુમાવ્યા હતા.

## યુએઈમાં ભ્રામક પોસ્ટ બદલ ૧૯ ભારતીયો સહિત કુલ ૩૫ની ધરપકડ

દુબઈ, તા. 15 (PTI): ઈઝરાયેલ-અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પ્રવર્તી રહેલા પ્રાદેશિક તણાવ વચ્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગેરમાર્ગે દોરતી અને બનાવટી વીડિયો ક્લિપ્સ પ્રકાશિત કરવા બદલ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)એ રવિવારે 19 ભારતીયો સહિત 35 વ્યક્તિઓની ધરપકડનો આદેશ આપ્યો છે. યુએઈની સત્તાવાર સમાચાર એજન્સી 'વામ'એ જણાવ્યું હતું કે, આરોપીઓને ઝડપી સુનાવણી માટે મોકલવામાં આવ્યા છે. શનિવારે જે 10 લોકોના નામ આપવામાં આવ્યા હતા અને જેમની ધરપકડનો આદેશ અપાયો હતો (જેમાં બે ભારતીયો સામેલ હતા), તેમનાથી અલગ રવિવારે જાહેર કરાયેલી નવી યાદીમાં વિવિધ રાષ્ટ્રીયતા ધરાવતી 25 વ્યક્તિઓ સામેલ છે, જેમાં 17 ભારતીયોના નામ છે.

એટર્ની જનરલ ડો. હમદ સૈફ અલ શમ્સ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ, આ પગલું ડિજિટલ પ્લેટફોર્મ્સ પરની કડક દેખરેખ પછી લેવામાં આવ્યું છે. જેનો હેતુ ખોટી માહિતી અને આર્ટિફિશિયલ (બનાવટી) કન્ટેન્ટના ફેલાવાને રોકવાનો છે, જે જાહેર વ્યવસ્થાને બગાડવા અને સામાન્ય સ્થિરતાને નુકસાન પહોંચાડવાના ઈરાદે ફેલાવવામાં આવે છે. નિવેદનમાં જણાવાયું છે કે, ''તપાસ અને ઈલેક્ટ્રોનિક મોનિટરિંગમાં બહાર આવ્યું છે કે પ્રતિવાદીઓ ત્રણ જૂથોમાં વહેંચાયેલા હતા ,જેમણે વિવિધ કૃત્યો કર્યા હતા.



# દિલ્હીના નેચર બજારમાં ભીષણ આગ લાગતાં 50 દુકાનો બળીને ખાખ

**10 ફાયર** ટેન્ડર્સ દ્વારા આગને કાબુમાં લેવાઇ, કોઇ જાનહાનિના અહેવાલ નથી, માલસામાનને મોટું નુકસાન

નવી દિલ્હી, તા. 15 (PTI) : દક્ષિણ દિલ્હીના અંધેરિયા મોડ વિસ્તારમાં આવેલા નેચર બજારમાં રવિવારે સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં અંદાજે 50 જેટલી દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી અને મોટા પાયે અગ્નિશમન કામગીરી હાથ ધરવામાં આવી હતી. એમ દિલ્હી ફાયર સર્વિસ (ડીએફએસ)ના એક અધિકારીએ જણાવ્યું હતું. ડીએફએસ મુજબ, આગ અંગેનો કોલ સવારે 7.37 વાગ્યે મળ્યો હતો. ત્યાર બાદ આગ પર કાબૂ મેળવવા માટે 10 ફાયર ટેન્ડરો (બંબા) ઘટનાસ્થળે દોડી ગયા હતા.

આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. આગ લાડો સરાઈ વિસ્તારમાં અંધેરિયા મોડ પાસે આવેલા નેચર બજાર માર્કેટમાં લાગી હતી, જ્યાં હસ્તકલા અને અન્ય વસ્તુઓ વેચતી કેટલીક કામચલાઉ અને અર્ધ-કાયમી દુકાનો આવેલી છે.

ભીડભાડવાળા માર્કેટમાં આગ ઝડપથી અનેક દુકાનોમાં ફેલાઈ જતાં બજાર સંકુલમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. અગ્નિશમનકર્તાઓએ આગને કાબૂમાં લેવા અને તેને વધુ ફેલાતી અટકાવવા માટે વ્યાપક ઓપરેશન શરૂ કર્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં અંદાજે 50 દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી, જેના કારણે માલસામાન અને બાંધકામોને ભારે નુકસાન થયું હતું.

ફાયર વિભાગના કર્મચારીઓએ આગને સંપૂર્ણપણે ઓલવી દીધી હતી અને વિસ્તારમાં કુલિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આગ લાગવાનું કારણ હજી સુધી જાણી શકાયું નથી.

## વેનેઝુએલામાં અમેરિકી દૂતાવાસ પર સાત વર્ષે અમેરિકન ધ્વજ ફરક્યો

કારાકાસ, તા. ૧૫ (AP): શનિવારે વેનેઝુએલામાં અમેરિકી દૂતાવાસ પર ૨૦૧૯ પછી પ્રથમ વખત અમેરિકન ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોમાં તાજેતરમાં આવેલા પરિવર્તનને રેખાંકિત કરે છે, જે પરિવર્તન જાન્યુઆરીમાં તત્કાલીન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની અમેરિકી સૈનિકો દ્વારા ધરપકડ કરવામાં આવી ત્યારથી શરૂ થયું છે. જોકે, હવે ધ્વજ લહેરાઈ રહ્યો છે, પરંતુ ઈમારતનું સમારકામ ચાલી રહ્યું છે અને તે સંપૂર્ણપણે ક્યારે ખુલશે તે હજી સ્પષ્ટ નથી.

આ પગલું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા માદુરોના ઉત્તરાધિકારી, કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝના સમર્થનમાં આપવામાં આવેલા કેટલાક નિવેદનો બાદ આવ્યું છે, જેમણે અમેરિકન સરકાર સાથે વાટાઘાટો ચાલુ રાખવાનો પ્રયાસ કર્યો છે. યુએસ એમ્બેસીની ટીમે તેના સોશિયલ મીડિયા ચેનલો પર પ્રકાશિત એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ધ્વજ બરાબર સાત વર્ષ પછી ફરકાવવામાં આવ્યો હતો. અમેરિકન ધ્વજ ફરકાવવાની ઘટનાએ સ્થાનિક રહેવાસીઓનું તાત્કાલિક ધ્યાન ખેંચ્યું હતું. કારાકાસની રહેવાસી લુઝ વેરોનિકા લોપેઝે જણાવ્યું હતું કે, "તે ખરેખર એક સારી બાબત છે, કેટલી ખુશીની વાત છે. બીજા દેશોએ પણ પાછા આવવું જોઈએ.

# ઈરાન યુદ્ધને કારણે ટ્રમ્પ સામે ઘરઆંગણે રાજકીય ભીંસ વધી રહી છે

**અમેરિકન** સૈનિકોનાં મોત, ઓઇલના વધતા ભાવ, શેરબજારોમાં કડાકા, રશિયાને મળી રહેલો લાભ વગેરે અનેક બાબતો ટ્રમ્પ માટે અમેરિકામાં મુશ્કેલીઓ ઉભી કરી રહી છે

**અમેરિકી** પ્રમુખના પોતાના જ રિપબ્લિકન પક્ષમાં પણ કચવાટ વધી રહ્યો છે, અને ડેમોક્રેટો ટ્રમ્પને ભીંસમાં લેવા કમર કસે છે

વેસ્ટ પામ બીચ (યુ.એસ.), તા. 15(AP): અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા શરૂ કર્યાના બે અઠવાડિયામાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાજકીય રીતે વધુને વધુ ભીંસમાં મુકાયા છે.

તેઓ સમાચાર કવરેજથી વધુ પરેશાન જણાયા છે અને તેઓ આ યુદ્ધ કેમ શરૂ કર્યું - અથવા તે કેવી રીતે સમાપ્ત કરશે - તે સમજાવવામાં નિષ્ફળ રહ્યા છે. અમેરિકન સૈનિકોના મૃત્યુ, તેલના વધતા ભાવ અને શેરબજારમાં કડાકાથી ચિંતિત જનતામાં તેમનો પક્ષ પ્રભાવ પાડી રહ્યો નથી. તેમના કેટલાક સમર્થકો પણ હવે તેમની યોજના પર સવાલ ઉઠાવી રહ્યા છે અને તેમના એકંદર લોકપ્રિયતાના આંકડા (પોલ નંબર્સ) ઘટી રહ્યા છે.